# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-09-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અંકિતા મકવાણા** વાંચે છે.

---

**(સમાચારને અંતે)**

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતા. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**---------------------------------------------------------------------**

**આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)**

**(CLOSING MUSIC)**

# GUJARAT VIDHANSABHA KAMKAJ - 1

ગુજરાત વિધાનસભાના ત્રણ દિવસના ચોમાસા સત્રનો આજથી પ્રારંભ થયો. દરમિયાન ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, આજે તારાંકિત પ્રશ્નોતરી સાથે સત્રની શરૂઆત થઈ. ત્યારબાદ ગૃહમાં શોકદર્શક ઉલ્લેખો રજૂ કરવામાં આવ્યા. દરમિયાન પૂર્વ મંત્રી અને વડોદરાના ધારાસભ્ય સ્વર્ગીય યોગેશ પટેલ, પૂર્વ મંત્રી સ્વર્ગીય મોહનસિંહ રાઠવા, પૂર્વ મંત્રી સ્વર્ગીય લલિતકુમાર પટેલ તેમજ ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યો સ્વર્ગીય પોપટલાલ પટેલ અને સ્વર્ગીય સુનીલ ગામીતને શ્રદ્ધાંજલિ અપાઈ. ત્યારબાદ ગૃહની આજની કાર્યવાહી સમાપ્ત થઈ.

અગાઉ ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું હતું કે, આ સત્રમાં સરકારી સાથે વિધેયકની ચર્ચા થશે. વિધાનસભામાં ખૂબ સારી રીતે ચર્ચા થાય તે જરૂરી છે.

## (BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

*(સારા ઉત્તર અને ત્રણ દિવસમાં પ્રજાજનોના જે પણ પ્રશ્નો હોય એ પ્રશ્નો માટે સરકાર હરહંમેશ બંધાયેલી હોય, સરકાર કોઈ પણ પ્રશ્નોના જવાબ આપવા માટે હરહંમેશ તૈયાર હોય, દરેકે દરેક વસ્તુ સરકારના ધ્યાન ઉપર મૂકવાનો એક સારો મોકો ગુજરાત વિધાનસભામાં દરેક જણ માટે હોય છે. દરેક જણ શાંતિથી એની અંદર ભાગ લે અને ખૂબ સારી રીતે આ ત્રણ દિવસનું સત્ર ચાલે અને પ્રજાજનોના પ્રશ્નોનું સમાધાન થાય.)*

# GUJARAT VIDHANSABHA KAMKAJ - 2

આ ઉપરાંત ઉર્જા અને સંસદીય બાબતોના મંત્રી ઋષિકેશ પટેલે અંગે કહ્યું, આ સત્રમાં સાત જેટલા વિધેયક ગૃહમાં રજૂ કરાશે. દરેક વિધાનસભાના સત્રની શરૂઆત પ્રશ્નોત્તરી સાથે કરાશે. ગૃહમાં વરસાદની અછત સહિતના મુદ્દાઓ અંગે પણ ચર્ચા કરાશે. વરસાદ ખેંચાતા કૃષિક્ષેત્રે વીજળીની વધેલી માગને લઈ સરકાર દ્વારા બે કલાક વધારાની વીજળી આપવાનો નિર્ણય કરાયો હોવાનું પણ ઉર્જામંત્રીએ વધુમાં જણાવ્યું.

## (BYTE: RUSHIKESH PATEL, ENERGY MINISTER)

*(બે કલાક વધારાની વીજળી જ્યાંથી માંગણી આવે ત્યાંથી આપવાનું સરકારે નક્કી કર્યું છે. આદરણીય ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબે સૂચના આપી છે જ્યાં વરસાદ ઓછો છે અને પિયત માટે વીજળીની જરૂર પડે છે ત્યાં બે કલાક વધારાની વીજળી આપવી. એટલે ૮ કલાક આપણે લગભગ આખા રાજ્યમાં સિંગલ શિફ્ટમાં વીજળી આપીએ છીએ પરંતુ જ્યાં જરૂર પડે ત્યાં ડબલ શિફ્ટ કરીને ૧૦ કલાક વીજળી જે તાલુકાઓમાં જરૂર હોય જે ફીડર ઉપર જરૂર હોય એ તમામ ફીડરોમાં ૧૦ કલાકની વીજળી પૂરી પાડવામાં આવે છે. જેમ જેમ માંગણી આવે છે એમ એમ આપણે ૧૦ કલાક કરતા જઈએ છીએ અને વીજ માંગ પણ અત્યારે ઉચ્ચતમ સ્તરે જઈ રહ્યો છે.)*

# CABINET MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે સાંજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાશે. વિધાનસભા સત્રને કારણે સાંજે યોજાવાની છે. આ બેઠકમાં વરસાદની અછતની સ્થિતિ, ઘાસચારો, પાણીનું આયોજન સહિતના મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થવાની શક્યતા છે.

# HPV VACCINATION

**સર્વાઇકલ કેન્સર સામે સુરક્ષિત કરવા રાજ્યમાં 6 લાખથી વધુ કિશોરીઓનું HPV રસીકરણ સંપન્ન થયું છે. આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું કે રાજ્યની નોંધપાત્ર કામગીરીને ધ્યાને લઈ કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને વધુ બે લાખ 72 હજાર HPV રસીના ડોઝ ફાળવવામાં આવ્યા છે. આ અભિયાન હેઠળ આગામી 31 ડિસેમ્બર 2026 સુધીમાં દર મહિને 14 વર્ષ પૂર્ણ કરતી તમામ કિશોરીઓને HPV રસી આપવામાં આવશે.**

**(BYTE: PRAFUL PANSHERIYA, MINISTER OF STATE FOR HEALTH)**

*(આ વેક્સિન દરેક PHC, CHC સેન્ટર, સરકારી હોસ્પિટલોમાં આપવામાં આવશે. હું આશા રાખું છું કે અમારી ટીમ જલ્દી આ અભિયાનને પૂર્ણ કરે. અમારી ટીમ નિષ્ઠાપૂર્વક એક નાનામાં નાના ઘર સુધી એ બાળ દીકરીને હોસ્પિટલ લઈ અને એમને એમની રસી આપશે. એક પણ દીકરીને કોઈપણ પ્રકારની સાઈડ ઈફેક્ટ આવી નથી.)*

# SURAT AAG

સુરતના સારોલી ખાતે શ્યામ સંગિની ટેક્સટાઇલ માર્કેટમાં ગઇકાલે લાગેલી આગ કાબુમાં લેવાઈ છે. મોડી રાત્રે બનેલી આ ઘટનાને પગલે 15થી 20 જેટલા ફાયર બ્રિગેડના વાહનો દ્વારા આ કામગીરી કરવામાં આવી. હાલમાં માર્કેટની 4થી 5 દુકાનો આગની ઝપેટમાં હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે.

# STATE WEATHER UPDATE

રાજ્યભરમાં કેટલીક જગ્યાએ આજે હળવો વરસાદ જોવા મળ્યો. જામનગરમાં શહેર અને આસપાસના વિસ્તારોમાં વિરામ બાદ મેઘરાજાની પધરામણી થતા લોકોને ગરમીમાંથી રાહત મળી. તો, કચ્છમાં એક મહિના બાદ વાતાવરણમાં પલટો આવતા અબાડાસાના સિંધોડી, મોટી વાયોર ઉપરાંત નખત્રાણાના મથલ અને ભુજના કોટડા ચકારમાં પણ વરસાદી ઝાપટાં થયા. દરમિયાન હવામાન વિભાગે આગામી 12 તારીખે દક્ષિણ ગુજરાત તથા 13 તારીખે દક્ષિણ ગુજરાત અને અમરેલી તથા ભાવનગરમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની આગાહી કરી છે.

# PM BIRTHDAY VADNAGAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે તેમના વતન વડનગર ખાતે આગામી 16 અને 17 સપ્ટેમ્બરે વિવિધ કાર્યક્રમ યોજાશે.

આ દિવસે 200થી વધુ બાઇક સવારો હાટકેશ્વર મહાદેવ મંદિરે પૂજા અર્ચના કરાશે. રાત્રે શર્મિષ્ઠા તળાવના કિનારે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

આ બાઇકસવારે

ત્યારબાદ સવારે 200 થી વધુ બાઇક સવારો કાશીના કાશી વિશ્વનાથને શર્મિષ્ઠા તળાવના જળથી જળાભિષેક કરશે જેમાં પ્રધાનમંત્રીના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરી મુખ્યમંત્રી દ્વારા બાઇક યાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવાશે.